આપનું નાણાં આયોજન

# રિયલ એસ્ટેટ ફંડ દ્વારા રોકાણના લાભ

## યોગ્ય ફંડની પસંદગી કરવા કેટલાક મૂળભૂત મુદ્દા ચકાસી લેવા

રાજીવ મહેશ્વરી
ચીફ ઇન્વેસ્ટમેન્ટ ઑફિસર - રિયલ એસ્ટેટ,
અર્થવેદ ફંડ મેનેજમેન્ટ

પરંપરાગત રીતે રિયલ એસ્ટેટ સૌથી આકર્ષક અસ્ક્યામત છે. તેના ત્રણ મુખ્ય લાભ છે - તેમાં રોકાણ કરવાથી આકર્ષક અને સ્થિર વળતર મળે છે, ફુગાવા સામે ઢાલ તરીકે કામ કરે છે અને વિમાર્ગીકરણનો લાભ મળી શકે છે. કેટલાંક વર્ષથી રોકાણકારોના પોર્ટફોલિયોમાં રિયલ એસ્ટેટમાં રોકાણનું મહત્ત્વ વધ્યું છે.

રિયલ એસ્ટેટમાં રોકાણ કરવાના ઘણા માર્ગ છે. વ્યક્તિ કાં તો સીધી પ્રોપર્ટીની ખરીદી કરી શકે છે અથવા રિયલ એસ્ટેટ કંપનીઓના શૅર્સમાં રોકાણ કરી શકે છે અથવા પ્રોફેશનલ ફંડ મેનેજર્સ દ્વારા મેનેજ થતાં રિયલ એસ્ટેટ ફંડમાં રોકાણ કરી શકે છે.

અન્ય કોઈ પણ રોકાણની જેમ ઉપરોક્ત તમામ પદ્ધતિમાં લાભ અને નુકસાન છે. ઉદા. તરીકે સીધા રોકાણમાં પ્રોપર્ટી ઉપર રોકાણકારનું નિયંત્રણ હોવા છતાં તેને કોન્સન્ટ્રેશનનું રિસ્ક હોય છે. શૅર્સમાં રોકાણ કરવાથી સરળતાથી લિક્વિડિટી ઉપલબ્ધ બને છે પણ કંપની સામેના જોખમ અને બજારની વૉલેટિલિટીનું જોખમ તેમાં રહેલું છે.

બીજી બાજુ, રિયલ એસ્ટેટ (આરઈ) ફંડ મારફતે તથા અન્ય પદ્ધતિ મારફતે રોકાણના ઘણા લાભ છે જેથી સ્પર્ધાત્મક યુગમાં ટકી શકાય. તેના કેટલાક લાભ વિશે જાણીએ :

**પ્રોફેશનલ મેનેજમેન્ટ** : આરઈ ફંડનો સૌથી મહત્ત્વનો મુદ્દો એ કે તેને પ્રોફેશનલ ટચ મળ્યો હોય છે. તમામ રોકાણનું વ્યવસ્થાપન પ્રોફેશનલ ફંડ મેનેજર દ્વારા થાય છે. આ મેનેજર પાસે વિપુલ માહિતી હોવાની સાથે આવા ફંડનું વ્યવસ્થાપન કરવાનો બહોળો અનુભવ હોય છે. વધુમાં, બજારમાં મળતી માહિતીને તેઓ યોગ્ય રીતે સમજી શકે છે, તેમની પાસે કુશળતા હોય છે અને મહત્ત્વના નિર્ણયો લેવા માટે તથા અસ્ક્યામત ઉપર નજર રાવા માટે પૂરતા સ્રોત ઉપલબ્ધ હોય છે.

**ડાયવર્સિફિકેશનનો લાભ** : આમાં કરાયેલું રોકાણ વિવિધ ક્ષેત્ર અને ડેવલપર્સ સુધી વિસ્તૃત હોય છે. આથી કોઈ એક નાની બજાર સારી ચાલતી હોય નહીં (ઉદા. તરીકે હૈદરાબાદમાં રાજકીય અનિશ્ચિતતાને કારણે ૫-૬ વર્ષથી મંદી છે) અને કેટલાક ડેવલપર્સ યોગ્ય સમયે પ્રોજેક્ટ પૂરો કરી શકે નહીં તો પણ સરેરાશ રીતે ઓવરઓલ પોર્ટફોલિયોમાં સારું વળતર મળી શકે છે. આ ઉપરાંત, રહેણાંક, ઓફિસ, રિટેલ, હૉટેલ વગેરે જેવા વિવિધ પ્રકારના રિયલ એસ્ટેટમાં રોકાણ કરવાથી ડાયવર્સિફિકેશનમાં લાભ મળે છે.



**વાટાઘાટની સારી ક્ષમતા** : આરઈ ફંડ્સ ડેવલપર્સ સાથે વાટાઘાટ કરવાની બહેતર ક્ષમતા અને અનુભવ ધરાવે છે, જે જોખમ સામે પૂરતું રક્ષણ અને બહેતર વળતર આપે છે. સામાન્ય રીતે વ્યક્તિગત રોકાણમાં આ શક્ય નથી.

**સમયાંતરે રોકાણ** : આરઈ ફંડ્સ સમયાંતરે નાણાં લે છે, જેને કારણે ભાવના ઉતાર ચડાવ / વોલેટિલિટીની સંભવિત વિપરીત અસર ઓછી થઈ શકે.

**દેખરેખ અને અંકુશ** : ફંડ્સ પાસે પ્રોફેશનલ્સની સ્પેશિયલાઈઝ્ડ ટીમ હોય છે, જે રોકાણ ઉપર દૈનિક ધોરણે દેખરેખ રાખે છે, સમયસર સમસ્યા ઓળખી શકે છે અને તેનો યોગ્ય ઉકેલ પણ લાવે છે.

**લાભ અંકે કરવો** : આરઈ ફંડ્સ ઇક્વિટી વળતર વધારવા માટે તેના રોકાણનો લાભ મેળવવા સક્ષમ હોય છે.

**પ્રવાહિતા / એક્ઝિટ** : આરઈ ફંડ્સ નક્કી કરેલા સમયે રોકાણમાંથી બહાર નિકળી શકે છે તે તેનો હકારાત્મક મુદ્દો છે. વ્યક્તિગત રોકાણમાં સામાન્ય રીત આવું સંભવ નથી.

ઐતિહાસિક રીતે, સમયાંતરે, રિયલ એસ્ટેટમાં કરેલા રોકાણમાં અન્ય અસ્કયામતો જેમ કે ગોલ્ડ, સ્ટોક માર્કેટની સરખામણીએ બહેતર વળતર મળ્યું છે. અહીં આપેલા ટેબલમાં સરખામણી દર્શાવી છે.

| | ૧૯૮૫ | ૨૦૧૬ | આઈઆરઆર (વાર્ષિક ધોરણે) ટકા |
|---|---|---|---|
| સોનું (પ્રતિ ગ્રામ રૂ. ૧૦) | ૨૧૩૦ | ૨૫,૭૨૦ | ૮.૬૬ |
| બીએસઈ સેન્સેક્સ | ૫૨૭ | ૨૪,૧૮૮ | ૧૩.૬૦ |
| મુંબઈ (કફ પરેડ)* | ૧૦૦૦ | ૧,૦૦,૦૦૦ | ૧૬.૯૭ |
| દિલ્હી (મયૂર વિહાર)* | ૧૦૦ | ૧૪,૦૦૦ | ૧૭.૯૧ |
| * રૂા./ચોરસફૂટ | | | |

રિયલ એસ્ટેટમાં જોખમ / વળતરની ગણતરી અન્ય રોકાણ પ્રમાણે જ છે, એટલે કે ઊંચું જોખમ ઊંચું વળતર અને ઓછું જોખમ ઓછું વળતર. તૈયાર (ઓછી જોખમી) ભાડાની મિલકત જેમ કે ઓફિસ / રિટેલ જગ્યામાં રોકાણ સામે વાર્ષિક ૭ - ૧૨ ટકા વળતર મળે છે, જ્યારે ગ્રીનફિલ્ડ રિયલ એસ્ટેટ પ્રોજેક્ટ્સ (જેમાં મંજૂરી, બાંધકામ, બજાર વગેરેના સંલગ્નિત જોખમ હોય છે) સંભવત : ઊંચું એટલે કે વાર્ષિક ૨૫ ટકાથી વધુ વળતર આપે છે.

વિવિધ ફંડ્સના રોકાણ વ્યૂહ જુદા જુદા હોય છે. તેનો આધાર ફંડના રોકાણકાર / કોન્ટ્રિબ્યુટરના રોકાણના હેતુ અને જરૂરિયાત ઉપર છે અને તેની જોખમ લેવાની ક્ષમતા ઉપર તેનું વળતર નિર્ભર છે. પરંપરાગત રીતે, ઓછા-જોખમવાળી રોકાણ વ્યૂહ રચનાવાળા ફંડ (રિયલ એસ્ટેટ ઇન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટ્સ - આરઈઆઈટીએસ) વાર્ષિક ધોરણે ૮ - ૧૦ ટકા વળતર આપે છે અને મૂડી લાભ સાથે એકંદરે તેનું વળતર ૧૨-૧૫ ટકા હોય છે. ઊંચા જોખમવાળી રોકાણ વ્યૂહ રચના - જેમ કે ગ્રીનફિલ્ડ પ્રોજેક્ટ્સમાં રોકાણ - વાર્ષિક ૨૫ ટકાથી વધુ વળતર આપી શકે છે. તેનું વળતર મળવું ૪-૫ વર્ષ પછી શરૂ થાય છે.

રોકાણકારની દૃષ્ટિએ જોઈએ તો યોગ્ય ફંડની પસંદગી કરવી સૌથી મહત્ત્વની છે. તેથી રોકાણકારે કેટલાક મૂળભૂત મુદ્દા ચકાસી લેવા જોઈએ. રોકાણકારે તેનો નિર્ણય લેતા પહેલાં ફંડનો રોકાણ વ્યૂહ, તેની પાછલી કામગીરી તથા વળતર, તેની મેનેજમેન્ટ ટીમ, ફંડની રોકાણ બાહર કાઢી લેવાની સ્ટ્રેટેજી, ફંડ જેમાં રોકાણ કરે છે તે પ્રોજેક્ટ્સના પ્રકાર વગેરેની માહિતી મેળવી લેવી જોઈએ, જેથી તેનું રોકાણ સુરક્ષિત રહે અને યોગ્ય વળતર મળી શકે.

# ગ્રાહકો ફરીથી પેટ્રોલનાં વાહનો તરફ વળી રહ્યા છે


ઊર્જા કવચ
આર. શશાંકન
r.sasankan@gmail.com

પેટ્રોલ અથવા તો ડિઝલની કાર પસંદ કરવામાં ગ્રાહકો ખાડાટેકરાવાળા માર્ગને અનુસરી રહ્યા હોવાનું જણાય છે. સામાન્યત: જોઇએ તો મોટાભાગના ગ્રાહકો ડિઝલ વાહનોની સરખામણીમાં પેટ્રોલ વાહનોનો પ્રારંભિક ખર્ચ ઓછો હોવાને કારણે તેની પસંદગી કરે છે પરંતુ ડિઝલ પર ભારે સબસિડીની સરકારની નીતિને કારણે બજારમાં વિસંગતિ સર્જી છે.

યુપીએ સરકારે ૨૦૧૦ના જૂનમાં પેટ્રોલને ભાવ મુક્ત કર્યું પરંતુ ડિઝલ ઉપર સબસિડી ચાલુ રાખી તે પછી ડિઝલના વાહનો પરત્વે નોંધપાત્ર ઝોક જોવા મળ્યો હતો. એ વખતે પર્યાવરણવાદીઓએ મેલી રમત રમાઇ હોવાની કાગારોળ મચાવી હતી. જો કે, એ સમયના પ્રધાન જયરામ રમેશે અર્થતંત્રના ડિઝલીકરણ તરફ આંગળી ચીંધી હતી અને ડિઝલ ઉપર ચાલતા એસયુવી વાહનો પર પ્રતિબંધ મૂકવા અનુરોધ કર્યો હતો.

એક સમયે પેટ્રોલના ભાવ લિટર દીઠ ડિઝલ કરતા પચીસ રૂપિયા વધારે હતો. ગ્રાહકોએ ગણતરી કરી અને તેમને એવું લાગ્યું કે ડિઝલના વાહનોની કિંમત શરૂઆતમાં ભલે ભારે હોય પરંતુ રોજિંદા લાંબુ અંતર પસાર કરવાનું હોય તો ડિઝલનું વાહન સરવાળે સસ્તું છે અને પેટ્રોલ કરતા ડિઝલના વાહનો વધુ પ્રદૂષણ ફેલાવતાં હોવા છતાં તેમણે ડિઝલના વાહનો ઉપર પસંદગી ઊતારી.



ગ્રાહકોનો ડિઝલ વાહનો પ્રત્યેનો ઝોક નિહાળીને ઑટોમોબાઇલ ઉત્પાદકોએ પણ ડિઝલ એન્જિન ધરાવતા વાહનોની ઉત્પાદન ક્ષમતા વધારી. માત્ર પેટ્રોલ આધારિત વાહનોનું ઉત્પાદન કરનાર મારુતિ જેવી કંપનીએ પણ આ ક્ષેત્રે ઝંપલાવ્યું. ૨૦૧૧ના વર્ષમાં ડિઝલ વાહનોનું વેચાણ ૩૭ ટકા હતું જે ૨૦૧૩માં વધીને ૫૮ ટકા પર પહોંચ્યું હતું. પરંતુ આ ઝોક લાંબા સમય સુધી ન રહ્યો. સરકારે ડિઝલના ભાવને પણ અંકુશમુક્ત કર્યા અને વર્તમાન સરકાર પેટ્રોલની સરખામણીમાં ડિઝલ ઉપર વધુ ટેક્સ લાદી રહી છે. દરમિયાન, ધીરે ધીરે પર્યાવરણની બાબતને પ્રાધાન્ય આપવામાં આવી રહ્યું છે.

ઉદાહરણ રૂપે જોઇએ તો દેશના પાટનગર દિલ્હીમાં વધી રહેલા પ્રદૂષણના પ્રમાણે નેશનલ ગ્રીન ટ્રાઈબ્યૂનલ અને સુપ્રીમ કોર્ટનું ધ્યાન ખેંચાયું હતું અને દિલ્હી તથા એનસીઆર વિસ્તારમાં એસયુવી ડિઝલ વાહનો અને ૨૦૦૦ સીસીથી વધુ એન્જિન ધરાવતા વાહનોના રજિસ્ટ્રેશન ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. દરમિયાન કેંદ્રિય બજેટમાં ૧૨૦૦ સીસી એન્જીન ક્ષમતા અને ચાર મીટર લંબાઇ ધરાવતા પેટ્રોલ અથવા સીએનજી કારો પર એક ટકો સેસ અને આટલી જ લંબાઇ અને ૧૫૦૦ સીસી એન્જિન ક્ષમતા ધરાવતા ડિઝલના વાહનો પર ૨.૫ ટકા સેસ લેવાનું સૂચવાયું હતું.

આ બંને બળતણોના ભાવ વચ્ચે તફાવત ઘટતો રહ્યો ત્યારે ગ્રાહકો ફરીથી પેટ્રોલના વાહનો તરફ વળ્યા અને ઓડી, મર્સિડીઝ જેવી લક્ઝરી કારોએ પણ પેટ્રોલ આધારિત કારો બનાવવા પર ધ્યાન આપ્યું. આથી વર્તમાન પરિસ્થિતિએ બજારમાં સર્જાયેલી ટેક્સ વિ.ની પરંપરાગત વિસંગતિઓને દૂર કરવા સરકારને અવસર પૂરો પાડ્યો છે.

# હીરાની માગની અપેક્ષા અનિશ્ચિત

## અલરોસાએ ૨૦૧૬નાં રફના ઉત્પાદનના લક્ષ્યને ઘટાડ્યું

## માર્ચ માસમાં બજારો શાંત રહીઃ ભાવ સ્થિર

હીરા જગતના પ્રવાહો
મધુ બારભાયા

માર્ચ માસ દરમિયાન મુંબઇ સહિતની ભારતની હીરાબજારો શાંત હતી. એક કેરેટ સુધીના ભાવ સ્થિર હતા. નવો પુરવઠો આવતા ચોકકસ બાયરો નીચા ભાવ ઑફર કરતા હતાં. મોટા હીરાની માગ લગભગ નહીંવત હતી. ગ્રાહકોની માગની અપેક્ષા હજુ અનિશ્ચિત છે. પ્રથમ ત્રિમાસિક ચરણમાં તૈયાર હીરાના ભાવો વધવાથી સેન્ટિમેન્ટમાં સુધારો થયો હતો. વળી પસંદગીના નવા ઉત્પાદનમાં થોડો ભાવ વધારો પણ હતો. એક કેરેટ જીઆઇએ ગ્રેડના હીરાનો ઇન્ડેક્ષ યથાવત સ્થિર હતો. એ જ પ્રમાણે અડધા કેરેટના હીરાનો ઇન્ડેક્ષ પણ યથાવત હતો પણ ૩૦ સેન્ટના હીરાનો ઇન્ડેક્ષ ૦.૫ ટકા ઘટયો હતો અને ૩ કેરેટ હીરાનો ઇન્ડેક્ષ ૦.૩ ટકા ઘટયો હતો.

**ઉત્પાદનમાં સ્થિરતા**

માર્ચ માસના સારા વેપાર બાદ આ મહિને કામકાજ ધીમા હતા. બાયરો ડિસ્કાઉન્ટ માગતા હતા. આ વર્ષના પ્રથમ ત્રણમાસ દરમિયાન હીરાનાં એકમ દ્વારા ઉત્પાદનમાં અંદાજે ૨૦થી ૨૫ ટકાનો વધારો થયા બાદ હવે ઉત્પાદન સ્થિર છે. હાલ અમેરિકા અને દુર પૂર્વની એક કેરેટની જી-જે, વીએસ-એસ આઈ ક્વૉલિટીની સ્થિર માગ છે. રફનાં કામકાજ પણ સ્થિર હતા.

**વૈશ્વિક બજારો**: હીરાના વૈશ્વિક બજારો સ્થિર હતા અને ખાસ કોઇ નોંધપાત્ર ફેરફારો નહોતા.

**અમેરિકા**: અમેરિકામાં તૈયાર હીરામાં સ્થિર કામકાજ હતા. ઓવલ શેઇપના હીરાની શોર્ટ સપ્લાય હતી જ્યારે રાઉન્ડમાં ઇન્વેન્ટરીમાં વધારો થતો હતો. ૩૦ સેન્ટથી બે કેરેટ સુધી સારી માગ હતી પણ તેથી મોટા હીરાની પૂછપરછ નહોતી.

**બેલ્જિયમ**: એપ્રિલ માસ દરમિયાન કામકાજ શાંત હતા અને સેન્ટિમેન્ટ નબળા હતા. એક તરફ યુરોપમાં ગ્રાહકોની માગ સાવ નરમ છે તો બીજી તરફ સિન્થેટીક હીરાના જોખમ ઊભા થયા છે. ૩૦ સેન્ટથી એક કેરેટ સુધીના સારા હીરાની સ્થિર માગ છે.

**ઇઝરાયલ**: માર્ચ મહિનાથી તૈયાર હીરાના કામકાજ ધીમા પડયા છે. હોંગકોંગ શો બાદ બજાર નરમ પડી ગઇ છે. ખાસ કરીને મોટા સ્ટોનમાં માગ નથી. ૩૦ સેન્ટથી ૯૯ સેન્ટમાં સ્થિર માગ છે. ઓવલ, પીયર અને એમરલ્ડ માટે ફેન્સી શેઇપમાં સ્થિર માગ છે.

**હોંગકોંગ**: સેન્ટિમેન્ટમાં સુધારો થતો જાય છે અને ડીલર્સ ગયા વર્ષ કરતાં ૨૦૧૬ના વર્ષમાં સુધારાની ધારણા રાખે છે. ઇસ્ટરની રજાઓ પછી તૈયાર હીરાના કામકાજ વધ્યા છે અને એક કેરેટ ડી-જે. બીએસ-એસઆઇમાં સ્થિર માગ છે.

**પ્રકિર્ણ સમાચાર:**

**ડીપીએની માર્કેટિંગ કેમ્પેન**: ડાયમંડ પ્રોડ્યુસર્સ ઍસોસિએશન (ડીપીએ)એ જણાવ્યું હતું કે જુન માસમાં યોજાનાર લાસ વેગાસ શોમાં તેની માર્કેટિંગ કેમ્પેન શરૂ કરાશે. આ પ્રથમ વખત જ સંસ્થાની માર્કેટિંગ કેમ્પેન શરૂ થાય છે. સાત અગ્રણી માઇનર્સ દ્વારા ૨૦૧૫ના મે માસમાં ડીપીએની રચના થઇ હતી.

**બેલ્જિયમની આયાત નિકાસ**: એન્ટવર્પ વર્લ્ડ ડાયમંડ સેન્ટરના જણાવ્યા અનુસાર માર્ચ માસમાં બેલ્જિયમની તૈયાર હીરાની નિકાસ ૫.૯ ટકા ઘટીને ૧.૧૬ અબજ ડૉલર થઇ હતી. વજનની દૃષ્ટિએ નિકાસ ૮.૧ ટકા ઘટીને ૪૮૯૬૧૧ કેરેટ થઇ હતી અને સરેરાશ ભાવ ૨.૪ ટકા વધી કેરેટ દીઠ ૨૩૭૨ ડૉલર થયો હતો.

**ડી-બિઅર્સનો કિંમતી હીરો**: સોથબિએ હોંગકોંગમાં ૩.૧૮ કરોડ ડૉલરમાં ડી-બિયર્સ મિલેનિયમ જ્વેલનું વેચાણ કરેલ છે. જે એશિયામાં કોઇપણ જ્વેલના લીલામીમાં સૌથી ઊંચી રકમ છે. ઓવલ-આકારના ૧૦.૧૦ કેરેટના ફેન્સી વીવીડ બ્લ્યૂ, આંતરિક ફ્લોલેસ હીરાનો ભાવ કેરેટ દીઠ ૩૨ લાખ ડૉલર આવ્યો છે. ૫ એપ્રિલે થયેલ વેચાણમાં મેગ્નિફીસન્ટ જ્વેલ અને જેડેઇટનું કુલ વેચાણ ૭.૩૩ કરોડનું થયું હતું.

**ક્રિસ્ટીનું લિલામ**: ક્રિસ્ટી દ્વારા આજ સુધીમાં સૌથી મોટા ફેન્સી વીવીડ- બ્લ્યૂ હીરાનું ૧૮મી મેએ જીનિવામાં મેગ્નિફીશન્ટ જ્વેલ ઓક્શનમાં વેચાણ થનાર છે. આ ૧૪.૬૨ કેરેટના ''ઓપન હેમર બ્લ્યૂ'' હીરાની કિંમત ૩.૮ કરોડ ડૉલરથી ૪.૫ કરોડ ડોલર વચ્ચે અંદાજાય છે. આ હીરાનું નામ તેના માલિક સર ફીલીપ ઓપન હેમરના નામ ઉપરથી પડયું છે કે જેઓ ૧૯૭૫થી ૧૯૯૫ સુધી ડી-બીયર્સના ચેરમેન હતા. તેમનું મૃત્યુ ૧૯૯૫માં થયું હતું.

**ડીજીએસઇના વેચાણમાં ઘટાડો**: ડીજીએસઇ કંપનીઓના વેચાણમાં ૨૦૧૫ના વર્ષ દરમિયાન ૧૪ ટકાનો ઘટાડો થયો હતો. ખાસ કરીને જ્વેલરી અને સ્ક્રેપ વ્યવસાયમાં નરમાઇને કારણે આ ઘટાડો થયો હતો. ૨૦૧૫માં આવક ઘટીને ૬.૦૯ કરોડ થઇ હતી જે આગલા વર્ષ ૭.૦૭ કરોડ હતી. આ કંપની ઝવેરાત, હીરા, ફાઇન વોચીસ, સિકકા, અને કિંમતી ધાતુઓ ખરીદે છે અને વેચે છે. તેણે ૨૩ લાખ ડૉલરની ખોટ કરી હતી.

**એન્ટવર્પ બુર્સ**: એન્ટવર્પ ડાયમંડ બુર્સે તેના પ્રમુખ તરીકે જેક્સ કોર્નની નિમણૂક કરી છે, જ્યારે એક્ઝિકયૂટિવ ડિરેકટર તરીકે રાજેન્દર ગહાનીની નિમણૂક કરી છે.

**માઇનિંગ સમાચાર:**

**અલરોસા** : અલરોસાએ ગયા વર્ષના ખાણકામ દરમિયાન એકત્રિત થયેલ માલના સંગ્રહને ઘટાડવાના ઇરાદાથી ૨૦૧૬ માટે રફ હીરાના ઉત્પાદનના લક્ષ્યાંકને ઘટાડયો છે. ૧લી એપ્રિલે કંપનીની બેઠકમાં ઉત્પાદનના લક્ષ્યાંકને ૩.૯ કરોડ કેરેટથી ઘટાડીને ૩.૭ કરોડથી ૩.૯ કરોડ કેરેટની વચ્ચે રાખવાનો નિર્ણય લેવાયો હતો. જો કે આને કારણે કામદારોને છુટા કરવામાં નહીં આવે, એમ કંપનીએ જણાવ્યું હતું.

**લુકોઇલ**: લુકોઇલ ડાયમંડની હીરાના વેચાણમાંથી ૨૦૧૫માં થયેલી આવક ૧૬.૨૦ કરોડ ડૉલરની થઇ હતી. કંપનીએ તેની ગ્રીબ માઇનમાં ઉત્પાદન વધાર્યું છે. કંપનીનું મોટા ભાગનું વેચાણ તેની એન્ટવર્પ સ્થિત પેટા કંપની ગ્રીબ ડાયમંડઝ દ્વારા થાય છે. લગભગ ૨૦ ટકા માલ રશિયામાં સ્વતંત્ર રીતે વેચાય છે.

**લેસ માઇન**: ડાયમંડ કોર્પે તેની સાઉથ આફ્રિકાની લેસ માઇનમાંથી ૧૯૩૧ બાદ પ્રથમ વખત ૮૫ વર્ષે કિમ્બટલાઇટ હીરાનું વેચાણ કર્યું હતું. સરેરાશ ભાવ કેરેટ દીઠ ૧૭૫ ડૉલર આવ્યો હતો.

**જેમફિલ્ડઝ**: જેમફિલ્ડઝે ૩૦ માર્ચથી ૩ એપ્રિલ દરમિયાન ઝામ્બિયાના લુસાકામાં તેના એમરલ્ડ (પાના)ના લીલામમાં ૩.૩૧ કરોડ ડૉલર મેળવ્યા હતા. કંપનીએ ૭૦.૬૮ ડૉલરના કેરેટના ભાવે ૪,૬૯,૦૦૦ કેરેટ પાના વેચ્યા હતા.

**સ્ટોર્નોવે**: સ્ટોનોર્વે ડાયમંડઝે જણાવ્યું હતું કે તેના રેનાલ્ડ પ્રોજેકટમાંથી ધારણા કરતાં ૨૫ ટકા વધુ ઉત્પાદન થશે અને આ પ્રોજેકટ ધારણા કરતા વધુ ચાર વર્ષ ચાલશે.

**ઇઝરાયલ બુર્સ**: ઇઝરાયલ બુર્સ મે માસમાં રફ ડાયમંડ વીકનું આયોજન કરશે.

મુંબઈના પોલિશ્ડ હીરાના ભાવ નીચે મુજબ છે:

**રાઉન્ડ**

*-૧ પોઇન્ટ સારી માગ વ્હાઇટના રૂ.૧૭,૦૦૦ - ૩૦,૦૦૦, *-૨ પોઇન્ટ ઠીક ઠીક માગ વ્હાઇટના અને ટોપ શેડ્ઝ રૂ. ૨૦,૦૦૦-૩૫,૦૦૦, ૨-૭ પોઇન્ટ સારી માગ વ્હાઇટના અને ટોપ શેડ્ઝ રૂ. ૨૦,૦૦૦ -૩૬,૦૦૦, *૮-૧૮ પોઇન્ટ ઘણી સારી માગ વ્હાઇટના રૂ. ૨૦,૫૦૦-૩૯,૦૦૦, સારી માગ રૂ. ૩૦,૦૦૦, *૨૦ પોઇન્ટ સારી માગ વ્હાઇટના રૂ. ૨૬,૦૦૦-, *૨૫ પોઇન્ટ સારી માગ વ્હાઇટના રૂ. ૪૬,૦૦૦-૮૨,૦૦૦ ઠીક ઠીક માગ ૨૪,૦૦૦ વ્હાઇટ, *૩૩ પોઇન્ટ સારી માગ વ્હાઇટના +રૂ. ૫૪,૦૦૦-૮૮,૦૦૦, ઠીક ઠીક માગ વ્હાઇટના રૂ. ૨૭,૦૦૦-૫૦,૦૦૦, *૫૦ પોઇન્ટ સારી માગ વ્હાઇટના +રૂ. ૬૮,૦૦૦-૧,૦૨,૦૦૦ વ્હાઇટ, *૭૫ પોઇન્ટ ઠીક ઠીક માગ રૂ.૪૬,૦૦૦-૬૦,૦૦૦ અને + ૧,૦૦,૦૦૦ વ્હાઇટના, * ૧ કેરેટ સારી માગ રૂ.૧,૩૫,૦૦૦ વ્હાઇટ અને ટોપ શેડ ઠીક ઠીક માગ રૂ.૪૮,૦૦૦-૧,૦૦,૦૦૦ વ્હાઇટ નેટસ

**પ્રિન્સેસ**

-૩ પોઇન્ટ ઠીક ઠીક માગ : વ્હાઇટના રૂ. ૧૪,૦૦૦-૨૮,૦૦૦, +૩ પોઇન્ટ ઠીક ઠીક માગ : વ્હાઇટના રૂ. ૧૪,૦૦૦-૨૮,૦૦૦, *+૯-૧૮ સારી માગ : વ્હાઇટના રૂ. ૨૭,૦૦૦-૩૫,૦૦૦, *૨૦ પોઇન્ટ ઠીક ઠીક માગ : વ્હાઇટના રૂ.૪૦,૦૦૦-૫૦,૦૦૦, *૨૫ પોઇન્ટ ઠીક ઠીક માગ: વ્હાઇટના રૂ.૫૨,૦૦૦-૬૫,૦૦૦, *૫૦ પોઇન્ટ સારી માગ : વ્હાઇટના રૂ.૫૫,૦૦૦, *૭૫ પોઇન્ટ ઠીક ઠીક માગ : વ્હાઇટના રૂ. ૬૬,૦૦૦-૧,૦૦,૦૦૦, *૧ કેરેટ + ઠીક ઠીક માગ : વ્હાઇટના રૂ. ૧,૦૦,૦૦૦

**માર્કિસ**

*-૬ પોઇન્ટ ઠીકઠીક માગ: વ્હાઇટના રૂ. ૨૬,૦૦૦-૪૨,૦૦૦, *+૭-૧૮ પોઇન્ટ : સારી માગ :વ્હાઇટના રૂ. ૩૫,૦૦૦-૫૫,૦૦૦, *૨૦ પોઇન્ટ : ઠીકઠીક માગ :વ્હાઇટના રૂ. ૨૦,૦૦૦-૩૫,૦૦૦, *૨૫ પોઇન્ટ : સારી માગ : વ્હાઇટના રૂ. ૨૬,૦૦૦-૪૨,૦૦૦, *૩૩ પોઇન્ટ : સારી માગ :વ્હાઇટના રૂ. ૩૬,૦૦૦-૫૦,૦૦૦, *૫૦ પોઇન્ટ : સારી માગ: વ્હાઇટના રૂ. ૫૨,૦૦૦-૮૨,૦૦૦, *૭૫ પોઇન્ટ : ઠીક ઠીક માગ : વ્હાઇટના રૂ. ૫૨,૦૦૦-૭૨,૦૦૦, *૧ કેરેટ : ઠીકઠીક સારી માગ : વ્હાઇટના +રૂ. ૭૨,૦૦૦.

## હીરાની આયાત માટે રિઝર્વ બૅન્કે ધિરાણની શરતો હળવી કરી

રિઝર્વ બૅન્ક ઑફ ઇન્ડિયાએ અધિકૃત ડીલર બૅન્કોને રફ અને તૈયાર હીરાની આયાત માટે આપી શકાય તેવી 'ક્લીન ક્રેડિટ' માટેના સમયગાળાને વધારવાની છૂટ આપી છે, એમ જેમ એન્ડ જ્વેલરી એકસપોર્ટ પ્રમોશન કાઉન્સીલે જણાવ્યું હતું. ક્લીન ક્રેડિટ એટલે લેટર ઑફ ક્રેડિટ કે ભારતની નાણા સંસ્થાની ગેરંટી જેવી વિધિસર ગેરંટી વિના હીરા આયાત કરવા માટે પોતાના ભારતીય ગ્રાહકને વિદેશી સપ્લાયર દ્વારા અપાતી લોન. નવા નિયમ મુજબ હવે શીપમેન્ટની તારીખથી ૧૮૦ દિવસથી વધુ સમય માટે ક્રેડિટ આપી શકાશે- જે મર્યાદા આજ સુધી ૧૮૦ દિવસની હતી.

# બજારમાં સાધારણ ઘરાકી જોવા મળી

## યાર્ન યથાવત્

સુરત કાપડબજાર
મધુ બારભાયા

સુરત કાપડ બજાર આ સપ્તાહ દરમિયાન ઘણા વખતે સાધારણ ઘરાકી જોવા મળી હતી. આમ જુઓ તો છેલ્લા દોઢ બે માસથી બજારમાં વિવિધ કારણોસર વેપાર નહોતા અને ઘરાકીનો અભાવ હતો.શિયાળામાં ઠંડીને કારણે બજાર નરમ રહી.પણ હમણા ઘરાકી શરુ થઈ છે. તેથી વેપારીઓમાં થોડા ઘણા ઉત્સાહનો સંચાર થયો છે. વેપારી અગ્રણી રાધાકિશન મંઘાણીએ જણાવ્યું હતું કે આ ઘરાકી આમ ને આમ હજુ એક પખવાડિયુ ચાલશે . ત્યાર પછી સંજોગ મુજબ વેપાર ચાલશે પણ હલ તો પંદર દિવસ બજારમાં કામકાજ રહેશે.

**યાર્ન બજાર;**

યાર્ન બજાર હાલમાં યથાવત છે. હજુ ઘણા કારીગરો નથી આવ્યા. દરમિયાન યાર્ન બજારમાં નીચે મુજબ ભાવો હતા.

**રિલાયન્સ**: ૯૦/૩૬ ક્રિમ્પ રૂ.૧૦૨,૧૫૦/૩૬ ક્રિમ્પ રૂ.૯૫,૮૦/૩૬ રોટો રૂ.૧૦૨,૯૦/૪૮ સેમી રૂ.૯૨,૭૬ ક્રિમ્પ રૂ.૧૦૩, ૧૦૦ ક્રિમ્પ રૂ.૧૦૨, ૭૨/૩૬ ક્રિમ્પ રૂ.૧૦૦,



**કલર ટેકસ** : ૬૨ક્રિમ્પ રૂ.૧૦૮,૬૮ ક્રિમ્પ રૂ. ૧૦૫, ૭૫/૩૬ ક્રિમ્પ રૂ.૧૦૧,૮૪/૩૪ ક્રિમ્પ રૂ.૯૯, ૯૦/૩૬ ક્રિમ્પ રૂ.૯૮,૭૨/૩૬ ક્રિમ્પ રૂ.૧૦૩, ૫૦ કેટો રૂ. ૧૩૫,૮૪ કેટો રૂ.૧૨૪, ૬૮/૩૪ કેટો રૂ. ૧૧૫

**સ્થાનિક** : ૬૨/૩૬ ક્રિમ્પ રૂ.૧૦૪,૬૮/૩૬ ક્રિમ્પ રૂ.૧૦૨, ૭૨/૩૬ ક્રિમ્પ રૂ.૧૦૧,૩૦/૧૪ ક્રિમ્પ રૂ.૧૪૨, ૯૦/૩૬ ક્રિમ્પ રૂ.૯૫, ૮૪/૪૮ ક્રિમ્પ રૂ.૧૦૮,૮૦/૧૦૦ રોટો રૂ.૧૦૧, ૧૫૦/૪૮ બ્રાઇટ રૂ. ૧૦૨, ૭૫/૩૬ બ્રાઇટ રૂ.૧૧૨,૫૦/૩૬ બ્રાઇટ રૂ.૧૨૧, ૮૮/૩૬ ક્રેપ રૂ.૧૧૬, ૫૦/૪૮ એસ ડી રૂ. ૧૬૫

**ગાર્ડન**: ૩૦/૧૪ ડી.ટી. રૂ.૧૧૬, ૪૯/૨૪ ડી.ટી. રૂ.૧૧૦, ૩૦/૧૪ક્રિમ્પ રૂ. ૧૫૦, ૬૨ ક્રિમ્પ રૂ.૧૦૮,૬૮ ક્રિમ્પ રૂ.૧૦૭,૭૨ ક્રિમ્પ રૂ.૧૦૪, ૭૫ ક્રિમ્પ રૂ.૧૦૩,૭૮૦ ક્રિમ્પ રૂ.૧૦૧,૮૦/૭૨ રોટો રૂ. ૧૦૦,૮૪/૩૬ ક્રિમ્પ રૂ. ૧૦૦ ભાવ રહ્યા હતા.

# એડલવિસનું ટ્રેડર્સ માટે ઓનલાઇન એનાલિટિકલ ટ્રેડિંગ પ્લેટફોર્મ

મુંબઈ, તા. ૧૫ એપ્રિલ

એડલવિસ ફાઇનાન્સિયલ સર્વિસીસએ ટ્રેડર્સ માટે વેબ ઉપર એનાલિટિકલ ટ્રેડિંગ પ્લેટફોર્મ 'ટ્રેડર્સ લાઉન્જ' શરૂ કર્યું છે.

આ ટ્રેડર્સ લાઉન્જ સમાચારો, ડેટા એનાલિટિક્સ, ટેક્નિકલ ચાર્ટ્સ અને ફંડામેન્ટલ ડેટા સહિતની કામગીરી વિશે ૩૬૦ ડિગ્રી વ્યૂ ઑફર કરશે, જેથી ટ્રેડર્સને એક જ મંચ ઉપર વિશ્લેષણ, ઓળખ અને ટ્રેડ કરવામાં મદદ મળી રહે.

એડલવિસ બ્રોકિંગના ડિજિટલ ટ્રાન્સફોર્મેશનના એસવીપી રિયાઝ લાડીવાળાએ કહ્યું કે 'આ વેબ પ્લેટફોર્મનો મુખ્ય હેતુ રિયલ ટાઇમ માર્કેટ ડેટા એક્સેસ કરવાનો, પગલાં લઈ શકાય તેવા સમાચારો અને સેન્ટિમેન્ટ્સનું વિશ્લેષણ કરવાનો, ઝડપી ટ્રેડિંગ અનુભવ મેળવવા માટેનું ટર્મિનલ તૈયાર કરવાનો, પોર્ટફોલિયો એનાલિટિક્સનો સ્પોટ અને ડેરિવેટિવ્સ માટે વન વ્યૂ લેવાનો, કૉન્ફિગરેબલ વૉચ લિસ્ટ રાખવાનો અને એડ્વાન્સ ટેક્નિક, ચાર્ટિંગ કરવાનો છે.

એડલવિસ ફાઇનાન્સિયલ સર્વિસીસના રીટેલ એડ્વાઇઝરી વડા રાહુલ જૈને કહ્યું કે 'આ ટ્રેડર્સ લાઇન્જ હાઈ સ્પીડ ટ્રેડિંગ પ્લેટફોર્મ પૂરું પાડશે, એવું અમારું માનવું છે. હાઇ ફ્રિક્વન્સી વપરાશકારોને સ્પોટ ઓપોર્ચ્યુનિટિસ મળશે, ઇન્ટરનેટ ઉપર ઉપલબ્ધ તમામ ડેટાનું વિશ્લેષણ કરી શકશે અને વિશ્વના કોઈ પણ સ્થળેથી ટ્રેડિંગ ટર્મિનલની ઝડપે સોદો કરી શકશે.

લાડીવાળાએ કહ્યું કે નવી પેઢીના ટ્રેડર્સ ટેક-સેવી બની રહ્યાં છે ત્યારે ટેકનૉલૉજીકલ એડ્વાન્સમેન્ટની આવશ્યકતા છે. તેથી ગ્રાહકોને વ્યાપક સગવડતા મળી રહે અને ઇન્ટરનેટ ઉપર એકસેસ થઈ શકે તે માટે અમે ટ્રેડર્સ લાઉન્જ રજૂ કર્યું છે.